| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૯–૦૩–૨૦૧૦ |
| નોંધણી તારીખ | ૨૯–૦૩–૨૦૧૦ |
| ફેંસલ તારીખ | ૧૫–૦૨–૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ....માસ..... દિવસ... |

# મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ. અમદાવાદ શહેર.

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબર** | **૧૦૦૩૭૭ / ૨૦૧૦** |
| **આંક** | **૨૨** |

**<u>ફરીયાદી</u>** :– શ્રી સરકાર

(મુળ ફરીયાદી– ઉલ્લાસબેન જયંતિભાઈ પરમાર)

**<u>વિ રૂ ઘ્ધ</u>**

**<u>આરોપીઓ</u>** :– (૧) ધર્મેશ ઉર્ફે ગુગો ચંદુભાઈ રાવત, ઉ.વ.આ.૩૪,

(૨) ચંદુભાઈ ઉમેદભાઈ રાવત, ઉ.વ.આ.૬૨,

(૩) લક્ષ્મીબેન ઉર્ફે લખીબેન ચંદુભાઈ રાવત, ઉ.વ.આ.૫૯,

(૪) હિતેશ ઉર્ફે લાલો ચંદુભાઈ રાવત, ઉ.વ.આ.૩૫,

તમામ રહે. ગજાનંદ હાઉસીંગ સોસાયટી, માનાભાઈ છગનભાઈના છાપરા, સિવીલ હોસ્પિ. ગેટ નં.૩ સામે, શાહીબાગ, અમદાવાદ.

**<u>એ ડ વો કે ટ સ</u>** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી એમ. એસ. સેંદર

આરોપીઓ પક્ષે વિ.વ.શ્રી એ.આર.ગજ્જર

**ગુનો :– ઈ.પી.કોડની કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબ.**

**'' જ જ મે ન્ટ ''**

(૧) આરોપીઓ વિરૂઘ્ધ ઈ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનાનું તહોમત છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ ૦૭/૦૩/૨૦૧૦ ના કલાક ૧૭–૦૦ વાગ્યાના સુમારે ફરીયાદીના ઘર આગળ જાહેરમાં ફરીયાદી ધોયેલા કપડાને ઝાટકીને સુકવવા જતા કપડામાંના પાણીના છાંટા આરોપી નં.૩ ઉપર ઉડતા આરોપી નં.૩ નાએ અગાઉના ઝઘડાની અદાવત રાખી કેમ અમારી ઉપર પાણી ઉડાડે છે તેમ કહી ફરીયાદી સાથે ઝઘડો કરી આરોપી નં.૧,૨,૪ નાઓએ આરોપી નં.૩ નું ઉપરાણું લઈ ફરીયાદી તથા સાહેદ નં.૬ (ફરીયાદીની માતા) સાહેદ નં.૭ (ફરીયાદીના પિતા) ને ગંદી ગાળો બોલી આરોપી નં.૧ નાએ ગુસ્સે થઈ ફરીયાદીના ડાબા હાથના પંજા ઉપર લાકડી વડે માર મારી ઈજા કરી મે.પોલીસ કમી., અમદાવાદ શહેરના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપી નં.૨,૩,૪ નાઓએ સાહેદ નં.૬,૭ નાઓને ગડદાપાટુનો માર મારી એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો. તે મુજબ ફરીયાદીએ પોલીસ સમક્ષ ફરીયાદ લખાવતાં શાહીબાગ પો. સ્ટે. સે.ગુ.ર.નં.૩૦૨૭/૨૦૧૦ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ પુરાવો જણાતાં આરોપીઓને અટક કરી, આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) ના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે અને તે મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીઓ સામેના ગુનાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીઓનું પ્રાથમીક નિવેદન આંક–૦૩ થી લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **ક્રમ** | **મૌખિક પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ઉલ્લાસબેન જયંતીલાલ પરમારની જુબાની | ૦૭ |
| ૨ | સાહેદ ગૌરીબેન રામજીભાઈ પરમારની જુબાની | ૦૯ |
| ૩ | સાહેદ મંજુલાબેન ઈશ્વરભાઈ પરમારની જુબાની | ૧૧ |
| ૪ | સાહેદ જયંતીલાલ રામજીભાઈ પરમારની જુબાની | ૧૨ |
| ૫ | સાહેદ વરસંગભાઈ ભગવાનભાઈ લકુમની જુબાની | ૨૦ |

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૮ |
| ૨ | જાહેરનામાની ઝેરોક્ષનકલ | ૨૧ |

(૫) ફરીયાદપક્ષના પુરાવાના અંતે ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ મુજબ આરોપીઓ પોતાના વિશેષ નિવેદન નોંધવાના તબકકે ઈરાદાપૂર્વક ગેરહાજર રહેલ છે. જેથી આરોપીઓનું વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી. આરોપીઓએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. શ્રી સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલ સાંભળી. આરોપીઓ પક્ષે વિ.વકીલશ્રી હાજર નથી.

(૬) <u>કેસની હકીકતો, ફરીયાદપક્ષનો પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.</u>

**'' મુ દ્દા ''**

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિ:શંક રીતે પુરવાર કરે છે કે, તારીખ ૦૭/૦૩/૨૦૧૦ ના કલાક ૧૭-૦૦ વાગ્યાના સુમારે ફરીયાદીના ઘર આગળ જાહેરમાં ફરીયાદી ધોયેલા કપડાને ઝાટકીને સુકવવા જતા

----------------------------------------------------------------

કપડામાંના પાણીના છાંટા આરોપી નં.૩ ઉપર ઉડતા આરોપી નં.૩ નાએ અગાઉના ઝઘડાની અદાવત રાખી કેમ અમારી ઉપર પાણી ઉડાડે છે તેમ કહી ફરીયાદી સાથે ઝઘડો કરી આરોપી નં.૧,૨,૪ નાઓએ આરોપી નં.૩ નું ઉપરાણું લઈ ફરીયાદી તથા સાહેદ નં.૬ (ફરીયાદીની માતા) સાહેદ નં.૭ (ફરીયાદીના પિતા) ને ગંદી ગાળો બોલી આરોપી નં.૧ નાએ ગુસ્સે થઈ ફરીયાદીના ડાબા હાથના પંજા ઉપર લાકડી વડે માર મારી ઈજા કરી મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેરના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપી નં.૨,૩,૪ નાઓએ સાહેદ નં.૬,૭ નાઓને ગડદાપાટુનો માર મારી એકબીજાની મદદગારીમાં ઈ.પી.કો. ક. ૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ ક.૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨) શું હુકમ ?

(૭) **<u>ઉપરોકત મુદૃાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>**

(૧) **અંશત: હકારમાં,**

(૨) આખરી હુકમ મુજબ.

(૮) **ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.**

**:: કા ર ણો ::**

**મુદૃા નંબર:–૧**

(૯) ક્રિમીનલ ટ્રાયલનો મુળભુત સિધ્ધાંત એ છે કે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવાનો રહે છે. આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા ફરીયાદી ઉલ્લાસબેન જયંતિલાલ પરમાર નાઓને આંક–૦૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવતાં

તેણીએ જણાવેલું છે કે, તેણી આરોપીઓને ઓળખે છે, તેઓ તેમની બાજુમાં રહે છે. બનાવ તારીખ ૦૭/૦૩/૨૦૧૦ ના રોજ સાંજના ૫ વાગે બનેલો, તે વખતે તેણી તેના ઘરની બહાર કપડા સુખવતી હતી તે વખતે લક્ષ્મીબેન તેમના ઘર આગળ કામ કરતા હતા. તે વખતે કપડા સુખવતી વખતે પાણીના છાંટા લક્ષ્મીબેન ઉપર ઉડેલા તે વખતે તેણીને કહેલ કે મારી ઉપર પાણીના છાંટા કેમ ઉડાડયા તેમ કહી ફરીયાદી સાથે બોલાચાલી કરીને ઝઘડો કરેલ અને તેણીને ગંદી ગાળો બોલવા લાગેલા. એટલામાં ફરીયાદીના મમ્મી ગૌરીબેન તથા પિતા જયંતિલાલ તથા ફોઈ મંજુલાબેન ઘરમાંથી બહાર નીકળેલ અને તે લોકોએ આવીને લક્ષ્મીબેનને સમજાવેલ અને તેમણે કહેલ કે મારી દિકરી સાથે કેમ બોલાચાલી કરો છો અને ગંદી ગાળો બોલો છે તેથી તે વખતે ચંદુભાઈ તથા તેમનો દિકરો ધર્મેશ ઉર્ફે ગુગો તથા હીતેશ તેમના ઘરમાંથી બહાર આવેલા અને તે લોકો પણ ગંદી ગાળો બોલવા લાગેલા અને તે વખતે ધર્મેશ ઉર્ફે ગુગાએ એક લાકડી ઘરમાંથી લઈ આવેલ અને તે લાકડી મારવા જતાં તેણીએ બચાવ માટે હાથ ઉંચો કરતા તેણીને ડાબા હાથના પંજા પર લાકડીનો ફટકો લાગેલ અને તે વખતે તેણીના ફોઈ મંજુબેન તથા મમ્મી પપ્પાએ છોડાવાની કોશીશ કરતા તે વખતે ધર્મેશ, ચંદુભાઈ તથા હિતેશે ફરીયાદીના મમ્મી- પપ્પાને ગડદાપાટુનો માર મારેલ. ત્યારબાદ તેણીના પિતાએ પોલીસમાં ફોન કરતા પોલીસ વાન આવેલ અને તેઓ વાનમાં બેસીફરીયાદી, તેના માતાપિતા તથા ફોઈ શાહીબાગ પો.સ્ટે. ગયેલા અને આરોપીઓ વિરૂઘ્ધમાં ફરીયાદ લખાવેલી, જે ફરીયાદ પોલીસે તેણીના લખાવ્યા મુજબની લખી લીધેલી અને તેમાંની સહી ઓળખી બતાવેલ છે.

સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વકીલશ્રી ઘ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ઘ્યાનમાં લઈએ તો એ વાતનો સ્વીકાર કરેલ છે કે આરોપીનું ઘર તથા તેઓનું ઘર બાજુમાં છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આવાજ પ્રકારની બીજી ફરીયાદ તેણીએ આરોપીઓ સામે કરેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે હાલમાં તેમના પાડોશી વિપુલભાઈની સામે તેણીએ ફરીયાદ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આવો કોઈ બનાવ બનેલ નથી કે કોઈએ તેણીને મારેલ નથી કે કોઈ આરોપીઓ તેણીને ગાળો બોલેલા નહી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીની રૂબરૂની ફરીયાદમાં કોણ ગાળો બોલેલા તેવું લખાવેલ નથી અને આરોપીઓએ તેણીને કોઈ માર મારેલ નથી. એ વાતનો

પણ ઈન્કાર કરેલ છે કે આરોપીઓએ પણ તેમની ઉપર ફરીયાદ કરેલ છે અને આવો કોઈ બનાવ બનેલ નથી પરંતુ તેણીના પિતા એડવોકેટ હોય તેમના કહેવા મુજબ ફરીયાદ આપેલ છે.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ ગૌરીબેન રામજીભાઈ પરમાર નાઓને આંક-૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેણીએ જણાવેલ છે કે, ફરીયાદી સાહેદની દિકરી થાય છે, આરોપીઓ તેણીની બાજુમાં રહે છે. બનાવ તા.૦૭/૦૩/૨૦૧૦ ના રોજ સાંજના ૫ વાગે બનેલો. તે વખતે સાહેદની દિકરી ઉલ્લાસ કપડા ધોઈને સુકવતી હતી તે વખતે પાણીના છાંટા લક્ષ્મીબેન પર પડેલ તે વખતે તેણી ઘરમાં હતી અને તેણીની સાથે તેણીના પતિ જયંતિલાલ તથા નણંદ મંજુલાબેન પણ ઘરમા હતા. લક્ષ્મીબેન સાહેદની બેબી સાથે બોલાચાલી કરતા હતા તેથી તેઓ બધા ઘરમાંથી બહાર આવેલા. આ વખતે આરોપી ધર્મેશ ઉર્ફે ધોઘાએ એક લાકડીનો ફટકો સાહેદની બેબીના ડાબા હાથના પંજા ઉપર મારેલ અને ત્રણેવ જણાઓએ ભેગા મળીને લાટાપાટે કરવા માંડેલ. સાહેદના પતિ તથા તેણીની નણંદને આરોપીઓએ લાટાપાટે મારેલ. ત્યારપછી સાહેદના પતિએ પોલીસ મોબાઈલ બોલાવેલ અને તેઓ બધા પો.સ્ટે. ગયેલા અને સાહેદની બેબીએ આરોપીઓ વિરૂધ્ધમાં ફરીયાદ આપેલ અને તપાસમાં પોલીસે સાહેદનો જવાબ લીધેલો, આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાનમાં લઈએ તો, એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીએ બનાવ નજરે જોયેલ નહી અને બનાવની વાત તેણીની દિકરીએ કરતાં તેણીએ જાણેલ. તેણીએ તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે '' અગાઉના ઝઘડાની અદાવત રાખી લખીબેન ઝઘડો કરેલ હતો તેવું સાહેદની દિકરીએ તેણીને જણાવેલ. '' એ વાતનો સ્વીકાર કરેલ છે કે અગાઉ પણ આરોપીઓ સામે તેઓએ આવી ફરીયાદો કરેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે હાલમાં તેમની પાડોશમાં રહેતા વિપુલભાઈ ઉપર પણ ફરીયાદ કરેલ છે. સાહેદને તમો પાડોશીઓ ઉપર આવી ફરીયાદો કરો છો ? તેવો સવાલ પૂછતા તેના જવાબમાં સાહેદે પાડોશીઓ ઝઘડા કરેલ અને દારૂ પીને રોજ ગાળો બોલે એટલે અમારે તેમની ઉપર કાયદેસરની ફરીયાદ કરવી પડે છે. બધા એટલે કયા લોકો ? તેના જવાબમાં સાહેદે આજુબાજુમાં બે લોકો અમારી સાથે ઝઘડા કરે છે તેથી

તે લોકો સામે ફરીયાદો કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ દવાખાને ગયેલા નહી અને સારવાર લીધેલ નહી, પણ તેઓ આર્યુવેદ ડોકટર પાસે ગયેલ અને શેક લીધેલ અને બીજા ઘરગથ્થુ ઈલાજ કરેલ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આવો કોઈ બનાવ બનેલ નથી અને તેણીની દિકરીએ આપેલી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ મંજુલાબેન ઈશ્વરભાઈ પરમારને આંક-૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવતાં તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ઉલ્લાસબને તેણીના ભાઈની દીકરી છે અને તમામ આરોપીઓ તેમની સામે રહે છે. સાહેદ તેના ભાઈને ત્યાં બે વર્ષ પહેલા ખબર કાઢવા ગયેલી તે વખતે ફરીયાદી કપડા સુકવતા હતા ત્યારે આરોપીઓએ તેણીની સાથે માથાકુટ કરેલી. તમામ આરોપીઓ તેણીના ભાઈની દીકરી ઉલ્લાસને મારવા માટે આવેલા, આથી તેઓ પોલીસ ચોકીએ ગયેલા. પોલીસે સાહેદની પૂછપરછ કરેલી. ફરીયાદીએ કોઈ સારવાર કરાવેલ હોય તેવું બનેલ નથી. આ સિવાય બીજુ કંઈ બનેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાનમાં લઈએ તો, એ વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવ બન્યો ત્યારે તેણી તેના ઘરે હતી. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે તેણીના પોલીસ જવાબમાં તેણી તેના ભાઈના ઘેર સવારે ગયેલી તેવું લખાવેલ. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે તેણી પોલીસ સ્ટેશન ગયેલી નથી અને પોલીસે તેણીનું નિવેદન જાતે લખી લીધેલ છ અને તેણી સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ જયંતીલાલ રામજીભાઈ પરમારને આંક-૧૨ થી સોગંદ ઉપર જણાવતાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ૧૯૯૨ થી ઘીકાંટા કોર્ટમાં વકીલાત કરે છે. ફરીયાદી ઉલ્લાસબેન તેઓની દિકરી તથા દેવેન્દ્ર તેઓનો દીકરો છે. તારીખ ૦૭/૦૩/૨૦૧૦ ના સાંજના ૫ વાગે સાહેદની દિકરી ઉલ્લાસ કપડા સુકવવા ઘરની બહાર આવેલી ત્યારે તેઓની બાજુમાં રહેતા લખીબેન છાંટા કેમ ઉડાડે છે તેમ કહી સાહેદની દિકરી સાથે બોલાચાલી કરેલી, તે સમયે સાહેદ અને તેની પત્ની અને બેન મંજુલાબેન હાજર હતા. ઝઘડાનો અવાજ સાંભળી ઘરની બહાર આવતા લખીબેન સાહેદની દિકરીને ગંદી બીભત્સ ગાળો બોલતા હતા, તેવામાં ચંદુભાઈ

અને તેમના બે દીકરા ધર્મેશ ઉર્ફે ગુનો હિતેશ ઉર્ફે લાલો ઘરની બહાર આવેલા અને ઝઘડો કરી ગંદી બીભત્સ ગાળો બોલતા હતા. આ વખતે ધર્મેશ ઉર્ફે ગુગાએ પોતાના ઘરમાંથી લાકડી લાવી સાહેદની દિકરીને ડાબા હાથના પંજા ઉપર લાકડીનો ફટકો મારેલો, તે પછી ચંદુભાઈ અને તેમના બે દીકરાઓ ભેગા મળી સાહેદને ગડદાપાટુનો માર મારી બીભત્સ ગાળો બોલેલા, અને આ વખતે સાહેદે કંટ્રોલરૂમમાં તેઓના ફોન નં.૯૨૨૮૮૭૨૬૧૮ ઉપરથી પોલીસને જાણ કરતા પોલીસ આવેલી તે વખતે ચારેય આરોપીઓ ભાગી ગયેલા, જે બનાવની ફરીયાદ સાહેદની દિકરીએ શાહીબાગ પો.સ્ટે.માં આપેલી, પોલીસે સાહેદનો જવાબ લીધેલો અને આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાનમાં લઈએ તો, એ વાતનો સ્વીકાર કરેલ છે કે સાહેદે તેની દિકરીને ઝઘડા બાબતે પૂછેલું એટલે તેણે કહેલું અને આરોપીઓ ઉપરોકત સાહેદે બીજી એક ફરીયાદ ૨૦૦૧ માં કરેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સાહેદે વિનોદભાઈ બાબુભાઈ રાવત ઉપર ફરીયાદ કરેલ છે અને સાહેદ અવારનવાર આવી રીતે પડોશીઓ ઉપર ફરીયાદ કરતો રહે છે. સાહેદના બેન તેના ઘરે બપોરે બે વાગ્યા પછી આવેલા. સાહેદ આરોપીઓને તેઓ પાડોશમાં રહે છે એટલે અને તેમની સાથે ઝઘડો કર્યો એ રીતે પણ ઓળખે છે. એ વાતનો ઈન્કાર કરેલો છે કે આવો કોઈ બનાવ બનેલો જ નથી અને સાહેદની દિકરીએ વાત કરતા સાહેદને ખબર પડેલી. સાહેદની દિકરીને લાકડી માર્યા અંગેની સારવાર કરાવેલ નથી. સાહેદ કહે છે કે મુઢ માર માર્યો હોવાથી સારવાર કરાવેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદની દિકરીએ ફરીયાદ આપેલી એટલે તેના સમર્થનમાં સાહેદ ખોટી જુબાની આપે છે અને આવો કોઈ બનાવ બનેલ નથી.

**(૧૩)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ વરસંગભાઈ ભગવાનભાઈ લકુમ નાઓને આંક–૨૦ થી સોગંદ ઉપર જણાવતાં તેઓએ જણાવેલ છે કે, સાહેદ છેલ્લા સાડા ત્રણ વરસથી પોલીસ કમીશ્નર કચેરી, વિશેષ શાખા, અમદાવાદ ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવે છે અને આ જાહેરનામું પોલીસ કમી.સાહેબની સહીથી પ્રસિધ્ધ કરવામાં આવે છે જે આ કામે હથીયારબંધી જાહેરનામા નં.વિ.શા/એ સેકશન/પરમીટ/૧૧૦૬/૨૦૧૦ જે તારીખ ૨૫/૦૨/૧૦ થી તારીખ

૨૫/૦૪/૧૦ સુધી અમલમાં હતું જે પોલીસ કમીશ્નરશ્રી એસ.કે.સાઈકીયા સાહેબની સહીથી તા.૧૭/૦૨/૧૦ ના રોજથી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. આ જાહેરનામાને બહોળી પ્રસિધ્ધી સારૂં તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રી નાઓને મોકલી આપવામાં આવેલ હતું તેમજ વધુ જાહેર પ્રસિધ્ધી માટે આકાશવાણી દુરદર્શન કેન્દ્ર જાહેરાત કરાવવા સારૂ જનસંપર્ક અધિકારીને મોકલી આપેલ છે. જેમાં પોલીસ કમી. સાહેબની સહી હોય અને અવારનવાર તેઓની સાથે કામગીરી કરતા હોય સાહેદ તેમની સહી ઓળખે છે. રેકર્ડ ધ્યાને લેતાં સદર સાહેદની બચાવપક્ષ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આ સિવાય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી. પંચ સાહેદ જયંતિભાઈ નાગજીભાઈ અવસાન પામેલ છે તથા અન્ય પંચસાહેદો જણાવેલ સરનામે રહેતા ન હોવાથી ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. ત.ક.અમલદાર એ.એસ.આઈ. જીતેન્દ્રસિંહ ધનશ્યામસિંહ નાઓ વિરૂધ્ધ લાંબા સમય સુધી સમન્સ વોરંટ કાઢેલ હોવાછતાં હાજર રહેલ નથી. જેથી હાલનો કેસ જુનો હોય ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ ધ્યાને લઈ એ.પી.પી.શ્રીને સાંભળી ત.ક.અમલદારને ડ્રોપ કરવામાં આવેલ છે.

(૧૪) ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી ઉલ્લાસબેન જયંતિલાલ પરમાર નાઓએ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન કરેલ છે અને પોતાની પોલીસ રૂબરૂની ફરીયાદને અનુરૂપ જુબાની આપેલ છે. આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નજરે જોનાર સાહેદ ગૌરીબેન રામજીભાઈ પરમાર તથા સાહેદ મંજુલાબેન ઈશ્વરભાઈ પરમાર નાઓએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નજરે જોનાર સાહેદ તથા ઈજાપામનાર સાહેદ જયંતિભાઈ રામજીભાઈ પરમાર નાઓએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે. આરોપી પક્ષે વિ.વકીલશ્રી ધ્વારા નજરે જોનાર સાહેદ તથા ઈજાપામનાર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓ શંકાસ્પદ કે માની શકાય તેમ ન હોવાની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. વધુમાં સદર ગુનાના કામે ઈજાપામનાર સાહેદે સીવીલ હોસ્પિટલમાં કે અન્ય કોઈ જગ્યાએ સારવાર મેળવેલ નથી તેવું જુબાની જોતાં સ્પષ્ટ થાય છે.

જેથી સારવાર સર્ટીફીકેટ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. આ ઉપરાંત હથીયારબંધીના જાહેરનામાની કાયદાકીય રીતે પ્રસિધ્ધી થયેલ હોય તેવા પણ કોઈ પુરાવાઓ રજુ થયેલ નથી તેમજ બનાવ સમયે આરોપીઓ ધ્વારા કયા ચોકકસ પ્રકારના શબ્દો ઉચ્ચારવામાં આવેલ હતા તેવા ચોકકસ શબ્દો પણ રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ફરીયાદપક્ષ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૧૧૪ મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે તેમજ ઈ.પી.કો. કલમ ૨૯૪(ખ) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય જેથી મુદ્દા નં.૧ નો ઉત્તર અંશત:હકારમાં આપવામાં આવે છે.

**(૧૫)** શ્રી સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ કાયદાથી નિયત સજા ફરમાવવા વિનંતી કરેલ છે. આરોપીઓ કે આરોપીઓના વકીલશ્રી હાજર નથી.

**(૧૬)** ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૧૧૪ મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ છે. ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે અગાઉ પણ અદાવતના કારણે બનાવ બનેલ હોવાનું ચાર્જશીટ વંચાણે લેતા જણાઈ આવે છે. જેથી પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ અન્વયે કાર્યવાહી કરવી ન્યાયોચિત જણાતી ન હોય ઈ.પી.કો. કલમ ૩૨૩, ૧૧૪ ની સજાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આરોપીઓને અગાઉ કોઈ ગુનામાં તકસીરવાન ઠરાવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર ન હોય હાલના ગુનાની હકીકતો તથા કેસની હકીકતો ધ્યાને લઈ આરોપીઓને કેદની સજા કરવાના બદલે ફરીયાદી તથા ઈજાપામનારને વળતર અપાવવા હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. જેથી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## '' આ ખ રી હુ ક મ ''

**(૧)** ક્રીમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૫૫ (૨) મુજબ આરોપી નં.(૧) ધર્મેશ ઉર્ફે ગુગો ચંદુભાઈ રાવત, ઉ.વ.આ.૩૪, આરોપી નં. (૨) ચંદુભાઈ ઉમેદભાઈ રાવત, ઉ.વ.આ.૬૨, આરોપી નં. (૩) લક્ષ્મીબેન ઉર્ફે લખીબેન ચંદુભાઈ રાવત, ઉ.વ.આ.૫૯ તથા આરોપી નં.(૪) હિતેશ ઉર્ફે લાલો ચંદુભાઈ રાવત, ઉ.વ.આ.૩૫, તમામ રહે. ગજાનંદ હાઉસીંગ સોસાયટી,

માનાભાઈ છગનભાઈના છાપરા, સિવીલ હોસ્પિ. ગેટ નં.૩ સામે, શાહીબાગ, અમદાવાદ નાઓને ઈ.પી.કોડ ૧૮૬૦ ની કલમ ૩૨૩,૧૧૪ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ફરીયાદી ઉલ્લાસબેન જયંતિલાલ પરમાર તથા સાહેદ જયંતિભાઈ રામજીભાઈ પરમાર તથા સાહેદ ગૌરીબેન જયંતિભાઈ પરમાર નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ કલમ ૩૫૭(૩) અન્વયે વળતર પેટે દરેક આરોપીએ **રૂા.૫૦૦/– (અંકેરૂપિયા પાંચસો પુરા)** ચૂકવી આપવા હુકમ કરવામાં આવે છે. વધુમાં આરોપીઓ હુકમ તારીખથી દિન–૩૦ માં ઉપરોકત રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો દરેક આરોપીએ દિન–૧ ની સાદી કેદની શિક્ષા પણ ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૫૫ (૧) મુજબ આરોપી નં.(૧) ધર્મેશ ઉર્ફે ગુગો ચંદુભાઈ રાવત, ઉ.વ.આ.૩૪, આરોપી નં. (૨) ચંદુભાઈ ઉમેદભાઈ રાવત, ઉ.વ.આ.૬૨, આરોપી નં. (૩) લક્ષ્મીબેન ઉર્ફે લખીબેન ચંદુભાઈ રાવત, ઉ.વ.આ.૫૯ તથા આરોપી નં.(૪) હિતેશ ઉર્ફે લાલો ચંદુભાઈ રાવત, ઉ.વ.આ.૩૫, તમામ રહે. ગજાનંદ હાઉસીંગ સોસાયટી, માનાભાઈ છગનભાઈના છાપરા, સિવીલ હોસ્પિ. ગેટ નં.૩ સામે, શાહીબાગ, અમદાવાદ નાઓને ઈ.પી.કોડ ૧૮૬૦ ની કલમ ૨૯૪(ખ) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૩) અપીલ સમય બાદ મુદ્દામાલનો નાશ કરવો.

(૪) આરોપીઓને સદર ચુકાદાની નકલ વિનામૂલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તારીખ – ૧૫ માહે ફેબ્રુઆરી સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

તારીખ :– ૧૫–૦૨–૨૦૨૫.
અમદાવાદ.

**( એ. એન. વોરા )**
**ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
**યુનિક કોડ નં. જીજે–૦૦૮૪૯.**